ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૪૪ | ૧૨ નવેમ્બર, ૨૦૧૨, સોમવાર; આસો વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ભાજપના શાસનમાં ગુજરાતની દશા અને દિશા બગડી છે : સંદિપ દિક્ષીત

વિધાનસભાની ચૂંટણી પૂર્વે કોંગી નેતાઓએ હલ્લાબોલ સભાઓ ગજવી ગુજરાત સરકારને આડે હાથ લીધી

ગાંધીનગર, તા.૧૧

ભાજપના શાસનમાં ગુજરાતની દશા અને દિશા બંને બગડયાં છે. શાળામાં ડ્રોપ આઉટ રેશિયો વધ્યો છે તો ઔદ્યોગિક વિકાસમાં ગુજરાત કરતાં અન્ય રાજયોમાં મૂડી રોકાણ વધ્યું છે. સલામત ગુજરાત અસલામત બન્યું છે તેવા આક્ષેપો કોંગી આગેવાનોએ આજે ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાતમાં જન વિજય નિર્ધાર મહાસંમેલનોને સંબોધતાં કર્યા હતાં.

ગાંધીનગર ચ-૩ ખાતે યોજાયેલ મહાસંમેલનને સંબોધતાં કેન્દ્રીય મંત્રીશ્રી આનંદ શર્માએ જણાવ્યું હતું કે ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ ઘટયો છે એટલું જ નહિ ધો-૧ થી ૫માં ડ્રોપ આઉટ રેશિયો વધુ ધરાવે છે. શ્રી શર્માએ જણાવ્યું હતું કે સાક્ષરતા દરમાં પણ ગુજરાત પાછળ પડયું છે. શ્રી આનંદ શર્માએ જણાવ્યું હતું કે ગુજરાતમાં ભાજપની મોદી સરકાર લોકોને ગુમરાહ કરી રહી છે. ખોટી જાહેરાતો અને જુઠ્ઠાણા વારંવાર બોલવાથી કોઈના ગળે ઉતરવાનું નથી તેમ જણાવ્યું હતું. ગુજરાત જીડીપીમાં ઘણું પાછળ રહ્યું છે. બિહાર અને છત્તીસગઢની સ્થિતિ ગુજરાત કરતા સારી છે. ગુજરાતમાં બાળકો અને

● અનુસંધાન પાન-૭ પર

પાટનગરને સરકાર પુરા ફોર્સથી પાણી પૂરવઠો પણ આપી શકતી નથી : ભરતસિંહ સોલંકી

મેટ્રો રેલની વાતો જ કરવામાં આવે છે : એસ.ટી.ના ખાનગીકરણની પાછલા બારણે કવાયતો ચાલી રહી હોવાનો પણ આક્ષેપ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરને પેયજળનો પુરવઠો પુરા ફોર્સથી પુરો પાડવામાં રાજ્ય સરકાર નિષ્ફળ નિવડી છે અને મેટ્રોરેલ અંગે હજુ વાતોના વડા કરી રહી છે છતાંય વિકાસની ગુલબાંગો ફૂંકી પ્રજાને ગુમરાહ ભાજપ દ્વારા કરવામાં આવી રહ્યાનો આક્ષેપ કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રી ભરતસિંહ સોલંકીએ આજે કર્યો હતો.

ગાંધીનગરમાં કોંગ્રેસ આયોજિત જનવિજય નિર્ધાર મહાસંમેલનને સંબોધતા શ્રી સોલંકીએ જણાવ્યું હતું કે પાટનગરને જ પુરા ફોર્સથી પાણી પુરવઠો પુરો પાડવામાં સરકાર નિષ્ફળ નિવડી છે અને નિષ્ફળતા છુપાવવાને આડી અવળી વાતો કરે છે.

તેમણે જણાવ્યું હતુ કે કન્યા કેળવણી કોંગ્રેસ શાસનમાં મફત કરાઈ હતી. ગુજરાતનો જીડીપી ગ્રોથરેટ પહેલેથી જ બે આંકમાં હતો. તેમણે કહ્યું કે જી.આઈ.ડી.સી.ની

● અનુસંધાન પાન-૭ પર

વ્હાઈટ હાઉસ-ઓનેસ્ટ ટ્રેડિંગ કાં.

ન્યુ શિફ્ટેડ શોરૂમમાં પધારો આકર્ષક ખરીદીથી ઘર સજાવો

દીપાવલી તહેવારોની મૌસમમાં 10%-20% સ્પે. ડિસ્કાઉન્ટ

(Exchange Offer)

સ્ટે. સ્ટીલ વાસણ, ઈલે. હોમ એપ્લાયંસિસ, થ્રીમની, R.O.સીસ્ટમ, ગેસ ગીઝર, પ્લાસ્ટિક સામગ્રી, થર્મોવેર, કોકરી, અવનવી ગીફ્ટ આઈટમ્સ અને કોલકાતાની આકર્ષક ઈમીટેશન જ્વેલરી પ્રાપ્ત કરવાનું વિશ્વાસપાત્ર સ્થળ

નવું સરનામું :

૫ સહજાનંદ પાર્ક (કૃષ્ણ કુંજ કોમ્પ્લેક્ષ પાસે) કુડાસણ રોડ, ગાંધીનગર.

ફોન : ૯૩૨૮૩૧૫૧૭૫ શોરૂમ, મો.૯૭૨૪૯૭૪૩૫૬ યોગેશ કોઠારી

ગાંધીનગરમાં પ્રથમ વખત ઘ-૫ ખાતે ભવ્ય ઉત્સવ

Deep Utsav

બાલનગરી

હેન્ડલુમ-હેન્ડીક્રાફ્ટ પ્રદર્શન

2-11-12 થી 18-11-12

ભારતના વિવિધ પ્રાંતોના કુશળ કારીગરો દ્વારા બનાવેલી આકર્ષક હસ્તકલાની વસ્તુઓનું પ્રદર્શન

TIME : 11 A.M. to 10 P.M.

હેન્ડીક્રાફ્ટ ● ટેક્સટાઈલ ● હેન્ડમેડ પ્રોડક્ટસ ● ટેરાકોટા ● જ્વેલરી

ઘ-૫ સર્કલ, ઓપન એર થિયેટર, સે.૧૬ ગાંધીનગર

દિપાવલીના પર્વની શુભકામનાઓ સહ...

વનરાજસિંહ રાઠોડ - ૯૨૨૮૩૦૧૫૫૧

નૂતન વર્ષાભિનંદન....

હોટલ અભિશ્વેતા

રહેવા માટે એ.સી., નોન એ.સી. લક્ઝુરીયસ રૂમ

પંજાબી, ગુજરાતી, રાજસ્થાની, કાઠિયાવાડી જમવાની ઉત્તમ સગવડ

નાના-મોટા પર્વો - પ્રસંગો ઉજવવા પાર્ટી પ્લોટ અને બેંકવેટ હોલ અમારે ત્યાં આપના સ્વાદની અવનવી વાનગીઓ પણ ઉપલબ્ધ છે.

...આવો, કુદરતના સાનિધ્યમાં રહેવા જમવાનો અનેરો આનંદ માણો...

હોટલ અભિશ્વેતા

તારાપુર પાટીયા પાસે, એસ.જી. હાઈવે, ગાંધીનગર-અડાલજ માર્ગ, ગાંધીનગર.